# ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ "દૂધધારા ડેરી"

જુના હાઈવે નં–૮,પો.બો.નં–૨૯,(ભોલાવ)ભરૂચ.

**ફોન :** ( ૦૨૬૪૨ ) ૨૪૬૦૩૩/૩૪/૩૫ **ફેકસ :** ( ૦૨૬૪૨ ) ૨૪૬૪૧૮ **E-mail** –bchmilkco@dataone.in


International Year of Cooperatives

તા. ૧૧/૦૯/૨૦૨૬

## પરિપત્ર-૧૨

**પ્રતિશ્રી,**

ચેરમેનશ્રી/સેક્રેટરીશ્રી,

તમામ દૂ.ઉ.સ.મં.લી.

ભરૂચ / નર્મદા.

**વિષય : - ગોબરધન યોજના અંતર્ગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવા નામની યાદી મોકલવા બાબત**

સંદર્ભ :- ગુજરાત સરકાર ઠરાવ ક્રમાંક:CRD/GBR/e-file/204/2024/0086/Swachh Bharat Mission-Gramin/ખ-૨

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનુકે ગુજરાત સરકારની ગોબરધન યોજના અંતર્ગત વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ થકી ગ્રામ્ય વિસ્તારમા પશુના છાણ તથા બાયો ડિગ્રેડેબલ વેસ્ટને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી વૈકલ્પિક ઉર્જા, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય તથા બહેનોના સ્વસહાય જૂથોની ખોરાક બનાવતી મંડળીઓ માટે રોજગારીનો એક સ્ત્રોત વધારવામા આવે એ યોજનાનો મુખ્ય ઉદેશ છે.

સદર બાબતના અનુસંધાને દૂધધારા ડેરી સાથે સંયોજીત મંડળીઓના પશુપાલકો માટે પોતાના રહેણાંક પાસે ગોબરગેસ પ્લાન્ટ સ્થાપિત કરી પશુના છાણ તથા બાયો ડિગ્રેડેબલ વેસ્ટને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી આ યોજનાનો વધૂમા વધૂ લાભ લઇ શકે તેવા ઉદેશથી તમામ મંડળીઓને આ યોજનાનો લાભ લેવા માટે ઇચ્છુક પશુપાલકોની યાદી સાથે આપેલ ફોર્મેટમા મોકલી આપવા જણાવવામા આવે છે.

**સહાયના ધોરણો :**

૧. સરહદુ યોજનામા વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ માટે લાભાર્થીનો ફાળો રૂ. ૫૦૦૦/- રાજ્યનો ફાળો રૂ. ૨૫૦૦૦/- અને મનરેગાનો ફાળો (બાયોગેસ પ્લાન્ટના ખાડા અને સ્લરી એકત્રીકરણ માટે) રૂ. ૧૨૦૦૦/- એમ કુલ રૂ. ૪૨૦૦૦/- માં વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ પુરા પાડવાના રહેશે.

**નોંધ :-**

૧. ગુજરાત સરકારની આ યોજનામા લાભાર્થીએ આપવાનો ફાળો, જરૂરી જગ્યા વગેરે બાબતે સરકારશ્રી દ્વારા વખતો-વખતની માર્ગદર્શિકા આપવામા આવશે.

૨. સરહદુ યોજનાનો લાભ ૨ કે તેથી વધુ પશુ ધરાવતા પશુધારકોને મળવાપાત્ર રહેશે.

મેનેજીંગ ડિરેકટર

P.T.O.

# ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ "દૂધધારા ડેરી"

જુના હાઈવે નં–૮,પો.બો.નં–૨૯,(ભોલાવ)ભરૂચ.

**ફોન :** ( ૦૨૬૪૨ ) ૨૪૬૦૩૩/૩૪/૩૫ **ફેકસ :** ( ૦૨૬૪૨ ) ૨૪૬૪૧૮ **E-mail** –bchmilkco@dataone.in


2025 International Year of Cooperatives

માહિતી મોકલવાનુ ફોર્મેટ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મંડળીનો કોડ :- | | | મંડળીનુ નામ | | | |
| ગામ | | તાલુકો | | | જીલ્લો | |
| ક્રમ | લાભાર્થી નુ નામ | ગામ | તાલુકો | જીલ્લો | મોબાઈલ નંબર | પશુઓની સંખ્યા |
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |

નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત ૧૦૦૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ
માટેની નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : CRD/GBR/e-file/204/2024/0086/Swachh Bharat Mission-Gramin /ખ-૨
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.

## વંચાણે લીધા :

1. સ્વચ્છ ભારત મિશન(ગ્રા), પેય જળ અને સ્વચ્છતા વિભાગ, જળ શક્તિ મંત્રાલય, ભારત સરકારશ્રી ની ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગતની માર્ગદર્શિકા
2. ગુજરાત સરકાર પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર, ઠરાવ ક્રમાંક: એસબીએમ/૧૧/૨૦૨૨/એસએફએસ-૯/ખ.૨, તા.૧૨/૦૧/૨૦૨૨
3. ગુજરાત સરકાર પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર, સુધારા ઠરાવ ક્રમાંક: એસબીએમ/૧૧/૨૦૨૨/એસએફએસ-૯/ખ.૨, તા.૧૬/૦૩/૨૦૨૨
4. ગુજરાત સરકાર પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર, ઠરાવ ક્રમાંક: એસબીએમ/૧૧/૨૦૨૨/એસએફએસ-૧૨૪/ખ.૨, તા.૧૭/૦૫/૨૦૨૨

## આમુખ:

સ્વચ્છ ભારત મિશન (ગ્રા) Phase ii અંતર્ગત્ત ગ્રામ્ય વિસ્તારો ને ODF+ સ્ટેટસ તરફ અગ્રેસર કરવા ગોબરધન એક મહત્વની યોજના છે. બાયોગેસ પ્લાન્ટ થકી ગ્રામ્ય વિસ્તારમાં પશુના છાણ તથા બાયોડિગ્રેડેબલ વેસ્ટને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી વૈકલ્પિક ઊર્જા, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય તથા બહેનોના સ્વસહાય જૂથોની ખાદ મંડળીઓ માટે રોજગારીનો એક સ્ત્રોત વધારવામાં આવે એ યોજનાનો ઉદ્દેશ છે. અગાઉ, વંચાણે લીધા (૧), (૨) અને (૩) થી કલસ્ટર આધારિત બાયોગેસ પ્લાન્ટ માટે ડેરીઓના સહકારથી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ હેઠળ ૩૩ જિલ્લાઓમાં કલસ્ટર/જિલ્લાદીઠ ૨૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરેલ છે. સ્થાપિત કરેલ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટની ઉપયોગિતાના કારણે બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળેલ છે. જે ધ્યાને લઈ, આ પ્રકારના વધુ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની બાબત રાજય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

સદર બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૦ કલસ્ટર (કલસ્ટર દીઠ ૨૦૦ બાયોગેસ પ્લાન્ટ) એટલે કે ૧૦,૦૦૦ પ્લાન્ટ સ્થાપિત કરવા નીચેની વિગતે ઠરાવવામાં આવે છે.

1. <u>સ્થળ/લાભાર્થીની પસંદગીના ધોરણો</u>:
   1. સદરહુ યોજનાનો લાભ ૨ કે તેથી વધુ પશુ ધરાવતા પશુધારોકોને મળવાપાત્ર રહેશે.
   2. રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારમા પશુપાલકોની જરૂરિયાતના આધારે તથા નિયુક્ત કરવામાં આવેલ મુખ્ય અમલીકરણ એજન્સી એટલે કે ડેરીની દરખાસ્તના આધારે ૧૦૦૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટની વહેચણી કમિશ્નર ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગર દ્વારા કરવાની રહેશે.
   3. મનરેગાની ગાઈડલાઇન પ્રમાણે લાભ આપી શકાય તેવા લાભાર્થીની પસંદગી કરવાની રહેશે. અમલીકરણ એજન્સીઓ મનરેગાની ગાઈડલાઇન પ્રમાણે લાભ આપી શકાય તેવા લાભાર્થીની પસંદગી, લાભાર્થીનો રૂ. ૫૦૦૦/- લોકફાળો ઉધરાવવા માટે જવાબદાર રહેશે.
2. <u>અમલીકરણ પદ્ધતિ:</u>
   1. ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગર દ્વારા જીલ્લાવાર મુખ્ય અમલીકરણ એજન્સીઓ એટલે કે ડેરીઓ સાથે એમઓયુ(MoU) કરી નિયુક્ત કરવામાં આવશે. તે એજન્સીઓ ફાળવેલ જિલ્લાઓમાં ગોબરધન પ્લાન્ટ અંગેની કામગીરી માટે જવાબદાર રહેશે.
   2. પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૪-૨૫ના સમયગાળા સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે.
   3. મંજૂરી મળએથી ૬ મહિનાની અંદર અમલીકરણ એજન્સીઓએ ફાળવેલ તમામ પ્લાન્ટ સ્થાપિત કરવાના રહેશે,
   4. સ્લરીના યોગ્ય નિકાલ માટે અમલીકરણ એજેંસીઓએ કાર્યવાહી કરવાની રહેશે.
   5. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારૂ ઉપયોગ અને અમલવારી માટે Operations and Maintenance ની વ્યવસ્થા અને આયોજન જે તે અમલીકરણ એજન્સીએ કરવાનું રહેશે.
   6. અમલીકરણ એજેન્સીઓ દ્વારા બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કર્યા પછી, તેના પર લાભાર્થી માટે ભવિષ્યમાં કોઈ પણ ક્ષતિની ફરિયાદ અથવા નિવારણ માટે કોન્ટેક નંબર સાથે લોગો દર્શાવવાનો રહેશે.
3. <u>સહાયના ધોરણો:</u>
   1. સદરહુ યોજનામાં વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ માટે લાભાર્થીનો ફાળો રૂ.૫૦૦૦/- રાજયનો ફાળો રૂ.૨૫૦૦૦/- અને મનરેગાનો ફાળો (બાયોગેસ પ્લાન્ટના ખાડા અને સ્લરી એકત્રીકરણ માટે) રૂ. ૧૨૦૦૦/- એમ કુલ રૂ. ૪૨૦૦૦/- માં વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ પૂરા પાડવાના રહેશે.
4. <u>ચૂકવણાની શરતો:</u>
   1. નિયુક્ત કરેલ અમલીકરણ એજન્સીઓ ને નીચે મુજબ તબક્કાવાર નાણાની ચુકવણી કરવાની રહેશે.
      1. દરખાસ્ત મંજૂર થયેથી: ૨૫%
      2. સ્થળ પર માલસમાન પહોંચાડ્યા બાદ: ૫૦%
      3. પ્લાન્ટ સ્થાપિત કર્યા બાદ: ૨૦%
      4. ૫ વર્ષ વોરંટી માટે, કમિશનર ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગરમાં સિક્યોરીટી ડિપોજિટ પેટે: ૫%
   2. માલ સામાનની ડિલીવરી, સ્થાપિત પ્લાન્ટની ચકાસણી જિલ્લા વિકાસ અધિકારીશ્રી કરાવી સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. ત્યારબાદ ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગર દ્વારા અમલીકરણ એજન્સીને નાણાંની ચુકવણી કરવાની રહેશે.
   3. આ અંગેના જીલ્લાવાર ઓડિટ રિપોર્ટ અમલીકરણ એજન્સીઓ એ ગ્રામ વિકાસ કચેરી, ગાંધીનગર તથા જિલ્લાઓને સમય મર્યાદામાં મોકલી આપવાના રહેશે.
5. <u>મોનિટરીગ:</u>
   1. કમિશ્નર ગ્રામ વિકાસ કચેરી દ્વારા માસિક ધોરણે યોજનાની સમીક્ષા હાથ ધરવાની રહેશે.
   2. અમલીકરણ એજન્સી દ્વારા સ્થાપિત પ્લાન્ટનું ઈમ્પેક્ટ અસેસમેંટ કરાવવાનું રહેશે.
   3. કમિશ્નર ગ્રામ વિકાસ કચેરી દ્વારા સ્થાપિત પ્લાન્ટસનું થર્ડ પાર્ટી દ્વારા રેનડમ વેરીફીકેશન કરાવવાનું રહેશે.

ઉપર્યુક્ત વિગતે, ગોબરધન પ્રોજેકટના અમલીકરણ, મોનીટરીંગ અને સુપરવિઝન થી ૫૦ કલસ્ટર એટલે કે ૧૦,૦૦૦ પ્લાન્ટ માટે રૂ. ૨૫,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂ. પચ્ચીસ કરોડ પૂરા) તેમજ એના ૨% કન્ટીજન્સી ખર્ચ પેટે રૂ. ૫૦,૦૦,૦૦૦/- (અંકે રૂ. પચાસ લાખ પૂરા) મળી એમ કુલ રૂ. ૨૫,૫૦,૦૦,૦૦૦/- (અંકે રૂ. પચ્ચીસ કરોડ પચાસ લાખ પૂરા) ની જોગવાઈને નીચે જણાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવા ઠરાવવામાં આવે છે.


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

## શરતો:

1. આ ઠરાવનો અમલ **તા.-૦૧/૦૪/૨૦૨૪થી** કરવાનો રહેશે.
2. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
3. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
4. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
5. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
6. આ મંજૂરી ફાળવેલ ગ્રાન્ટનો હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
7. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
8. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અન્ય હેતુ માટે ખર્ચ કરી શકશે નહિ, વર્ષના અંતે આ હેતુ અંતર્ગત બચત રહેતી રકમ નિયત સમય મર્યાદામાં પરત કરવાની રહેશે.
9. આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈ અને લાગુ પડતાં ધારા ધોરણે આધીન નિયત પધ્ધતિથી કરવાની રહેશે તેમજ આ હેતુ માટે નિયત થયેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
10. આ હેતુ હેઠળની કામગીરી માટે અલગ જગ્યા ઊભી કરવાની રહેશે નહિ પરંતુ જો કોઈ જગ્યા ઊભી કરવાની કે તે અંતર્ગત સેવા મેળવવાની થાય તો તે માટે નાણાં વિભાગની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.
11. કોઈ પણ સંજોગોમાં નાણાં વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહિ.
12. આ હેતુ માટે ખોલાવેલ ખાતામાં લોકફાળા સહિતની રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અને તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટનો હિસ્સો ગણવામાં આવશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્ય સિધ્ધાંતો અમલ કરવાનો રહેશે.
14. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
15. નાણાં વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓનો વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. સમગ્ર પ્રોજેકટ તેની વહીવટી મંજૂરી મર્યાદામાં સમયસર પૂર્ણ થઈ તે રીતે સમયબધ્ધ નાણાંકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાંકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
17. તબક્કાવાર પેમેન્ટની રકમ સ્થળ ચકાસણી બાદ જ ચૂકવવાની રહેશે. તે અંગેની સમગ્ર જવાબદેહી સુનિશ્ચિત કરવાની રહેશે.
18. પ્રસ્તુત મંજૂરી ખર્ચના અંદાજો આધારિત હોય તે અંગેની સમગ્ર કાયદાકીય/વહીવટી, નાણાંકીય, ઓડિટ, પારાકીય જવાબદેહી સુનિશ્ચિત કરવાની રહેશે.
19. પ્રસ્તુત યોજનાના હેતુ સિધ્ધ થાય તે અંગે કાર્યપધ્ધતી અમલીકૃત કરવાની સમગ્ર જવાબદેહી સુનિશ્ચિત કરવાની રહેશે.
20. સદરહું ગ્રાન્ટનો ઉપયોગ વપરાશ ફક્ત સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના હેઠળ દરખાસ્ત મુજબના ગોબરધન પ્રોજેકટ માટે જ કરવાનો રહેશે. આ ફંડનો ઉપયોગ અન્ય કોઈ બીજા હેતુ માટે કરવાનો રહેશે નહિ.
21. ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે ગુજરાત સરકારના પ્રવર્તમાન નાણાંકીય નિયમો તેમજ પ્રવર્તમાન સૂચનાઓ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
22. અગાઉના તબક્કાના ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો વપરાશ થયે જ આગળના ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવશે.
23. SBM-G, GOBAR-DHAN Project અંતર્ગત સરકારની વખતોવખતની માર્ગદર્શિકા/સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
24. નિયમિત ઠરાવેલ સમયે વપરાશનાં પ્રમાણપત્ર સરકારશ્રીને રજૂ કરવાના રહેશે.
25. સદર ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

**બજેટ હેડ:**

માંગણી નંબર: ૭૧

મુખ્ય સદર: ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા

પેટા મુખ્ય સદર: ૦૨ ગટર અને સ્વચ્છતા

ગૌણ સદર: ૧૦૫ સ્વચ્છતા અને સેવાઓ

પેટા સદર: ૦૪ સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ (૧૦૦% રાજય ફાળો)

પ્રસ્તુત ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૫/03/૨૦૨૪ ના રોજ મળેલ વહીવટી મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. એ. વાઘેલા)

ઉપસચિવ (ગ્રામ વિકાસ)

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**નકલ સવિનય રવાના:**

1. માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
2. માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય,ગાંધીનગર
3. માન.મંત્રીશ્રી (ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય, ગાંધીનગર
4. માન.રા.ક.મંત્રીશ્રી (ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય, ગાંધીનગર
5. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, બ્લોક નં. ૦૪, સચિવાલય,ગાંધીનગર
6. સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, બ્લોક નં. ૦૪, સચિવાલય,ગાંધીનગર
7. અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
8. કમિશનર-વ-સચિવશ્રી, કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં.૧૬/૩,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
9. નાણા સલાહકારશ્રી (પંચાયત) ગૃહ વિભાગ, બ્લોક નં.૦૨, સચિવાલય,ગાંધીનગર
10. ઉપસચિવશ્રી (બજેટ) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
11. ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
12. ઉપસચિવશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
13. વિકાસ કમિશનર શ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
14. સર્વે કલેકટરશ્રી તમામ (કમિશનર શ્રી ગ્રામ વિકાસની કચેરી મારફત)
15. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ (કમિશનર શ્રી ગ્રામ વિકાસની કચેરી મારફત)
16. નિયામક શ્રી તમામ (કમિશનર શ્રી ગ્રામ વિકાસની કચેરી મારફત)
17. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટ) ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ

File No: CRD/GBR/e-file/204/2024/0086/Swachh Bharat Mission-Gramin
Approved By: Secretary,Secy Office,PRHRDD
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

18. એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઑડિટ) ગુજરાત રાજ્ય અમદાવાદ / રાજકોટ
19. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/ અમદાવાદ
20. સ્પેશ્યલ / અધિક કમિશનર શ્રી (મહેકમ/ હિસાબ / મનરેગા/એસ.બી.એમ.)/ મુખ્ય કારોબારી અધિકારીશ્રી , ગુજરાત સ્ટેટ વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી,કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં.૧૬/૩,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
21. મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી., બ્લોક નં.૧૮/૩ ઉદ્યોગ ભવન, ગાંધીનગર
22. મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લીમીટેડ, ભોંયતળીયું, બ્લોક નં.-૭, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
23. નિયામકશ્રી, રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, અમદાવાદ
24. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર
25. નિવાસી ઑડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
26. સિસ્ટમ મેનેજરશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં
27. શાખા સિલેક્ટ ફાઈલ- ૨૦૨૪
28. /ના.સે.અ. સિલેક્ટ ફાઈલ-૨૦૨૪